જા.નં.મકમ/પરિપત્ર/૧૮-૧૯/ ૬૧૮૮
નિયામક, સમાજ સુરક્ષા ખાતાની કચેરી,
ગુજરાત રાજ્ય, બ્લોક નં.૧૬,
ડો. જીવરાજ મહેતા ભવન,જુના સચિવાલય,
ગાંધીનગર.તા.૨૭/૦૯/૨૦૧૮

સત્યમેવ જયતે

// પરિપત્ર //

આથી વડી કચેરીના તમામ શાખા અધિકારીશ્રી/કર્મચારીઓ તથા તમામ જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓને નીચે મુજબ સુચનાઓ આપવામાં આવે છે.

- દરેક શાખા અધિકારીઓએ દર અઠવાડિયે શાખામાં ફરજ બજાવતા તમામ કર્મચારીઓની કામગીરી જેવી કે, પી.જી.પોર્ટલ, માન.મંત્રીશ્રી પોર્ટલ, સી.એમ.ડેશ બોર્ડ પોર્ટલ, માન.એમ.એલ.એ., એમ.પી.ના પત્રો તથા યોજનાકીય તમામ કામગીરીની સમિક્ષા કરી નિયામકશ્રીને દર શુક્રવારે બપોરે ૧૫=૦૦ કલાકે જાણ કરવાની રહેશે.
- વડી કચેરી ખાતે ફરજ બજાવતા જુ.કલાર્કથી ઉપરના તમામ કર્મચારીઓએ રજા પર જતા પહેલા નિયામકશ્રીની પુર્વ મંજુરી મેળવીને જવાનું રહેશે. સદર રજા સાથીમાં ઓનલાઇન કરવાની રહેશે.
- તમામ પ્રકારની બેઠકમાં રજુ કરવાની થતી માહિતી તથા પ્રેઝન્ટેશન તેના નિયત પત્રકમાં સોફટકોપી સહિત શાખાના વડાએ તેઓની સહીથી તેમની શાખામાં નિમણૂંક કરેલ લાયઝન અધિકારી ધ્વારા નિયામકશ્રીને રજુ કરવાની રહેશે અને ત્યાર બાદ સંકલન શાખાને આપવાની રહેશે. શાખાના વડાની સહી વિનાની માહિતી ધ્યાને લેવામાં આવશે નહિ અને આ અંગેની તમામ જવાબદારી શાખાના વડાની રહેશે. શાખાના વડાની અનઉપસ્થિતિમાં માહિતી તેઓની શાખાના લાયઝન અધિકારીની સહીથી પુરી પાડવાની રહેશે.
- વડી કચેરી, ગાંધીનગરના કોઇ પણ અધિકારી/કર્મચારીએ સરકારી કામે બહારગામના પ્રવાસ અર્થે જતા પહેલા ટુર પ્રોગામ રજુ કરી પ્રવાસ કાર્યક્રમ ફાઇલ પર મંજુર કરાવવાનો રહેશે.
- તમામ જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીઓએ કોઇ પણ રજા પર જતા પહેલા નિયામક, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરની પુર્વ મંજુરી મેળવીને જવાનું રહેશે. તેમજ જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીઓએ વડી કચેરીની સુચના સિવાય જિલ્લા બહાર કોઇ પણ કામ માટે જવાનું થાય ત્યારે તેની પણ પુર્વ મંજુરી મેળવવાની રહેશે.

નિયામક
સમાજ સુરક્ષા ખાતુ
ગુજરાત રાજ્ય,ગાંધીનગર

નકલ રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

૧.વડીકચેરી,ગાંધીનગરની સર્વે શાખા અધિકારી/કર્મચારીઓ તથા તમામ જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓને યોગ્ય કાર્યવાહી અર્થે.